વિવેક ચૂકે

સૂરજનો માર્ગ રોકી વાદળ વિવેક ચૂકે
એનાથી બળ લઈને ઝાકળ વિવેક ચૂકે

તકદીરમાં લખ્યું છે ચૂકી જવાનું સઘળું
એમાં નવાઈ શું જો નિર્બળ વિવેક ચૂકે

એનામાં આયનાનો ગુણ આવશે કદી તો
ખોટું કશું લખો ને કાગળ વિવેક ચૂકે

વાતોમાં ડાળીઓની આવે છે ફૂલદાની
એવું બને કે કોઈ કુંપળ વિવેક ચૂકે

અંજામ એને ખુદનો સ્વીકાર હોય છે પણ
ગફલતથી તોડવામાં શ્રીફળ વિવેક ચૂકે

હિંમત વગર ઊભો છે ડૂબી જવા કિનારે
કરતો રહે પ્રતીક્ષા કે જળ વિવેક ચૂકે

દાબીને બે'ક તણખા મુઠ્ઠીમાં રાખવાના
ક્યારેક બે ટકાની ઝળહળ વિવેક ચૂકે

વિવેક ચૂકે

તમારી આ જ આદતથી થયો માહોલ ભારે છે
હવે તો ના વિચારો, સામેવાળો શું વિચારે છે

કલાત્મક રીતથી લાવે અજાણ્યા હાવભાવોને
અમુક તકલીફ આવી આપણો ચહેરો નિખારે છે

ભલા કેવા દરજ્જાના જુગારી એમને કહેવા
કદી પણ ના રમીને એમનું સર્વસ્વ હારે છે

ખુશીની સાથમાં થોડી ઘણી તો થાય ગભરામણ
રહી જો મૌન કોઈ આંગળીથી આવકારે છે

પ્રથમ તો એ ધકેલે છે ભલા શું કામ કોઈને
પછી પાછળથી આવી મોતના મોંથી ઉગારે છે

બને કે ભાર લાગે એકને, હળવાશ બીજાને
મુગટ માથા ઉપરથી બે જણા નીચે ઉતારે છે

હશે એવું તો શું કે છે ફક્ત સામેની બાજુએ
પ્રતીક્ષા પાર ઊતરવાની તો બંને કિનારે છે

ઘણાએ પડતું મૂકેલું છે આવી રીતે તાકીને
હતાશાથી નિહાળી ક્યાં નદીનું દુઃખ વધારે છે!

જગત વરસો પછી માથે મૂકી ફરશે જે ગઝલોને
બિચારી આજ તો એકાંતમાં માખીઓ મારે છે

વિવેક ચૂકે

પ્રેમ જે તારી ઉપર છે, એ હવે વધતો નથી
આમ પાછી છે મજાની વાત કે પતતો નથી!

વારસામાં ઘર કે ધંધો ના મળે, દેવું મળે
એ ભલે દુઃખમાં મરી ના જાય, પણ બચતો નથી!

છાવર્યા છે કૈંકનાં અભિમાન આવું બોલીને
'એ જરા મિતભાષી છે તો કોઈમાં ભળતો નથી'

એને આજુબાજુની ચીજોમાં પણ રસ હોય છે
આયનો કૈં એકલા ચહેરા ઉપર નભતો નથી

ડર સજાનો ના થવા દે ક્યાંય જંગલ-રાજ, પણ
કોઈ સુધરી જાય એવો કાયદો બનતો નથી!

જે તને દેખાય છે એ ચંદ્રની બસ પીઠ છે
એ કદી ધરતી તરફ મોઢું ય ફેરવતો નથી

આંખની અંદરની કોઈ કોટડીમાં કેદ છું!
એની આંખોમાં રહું પણ આંખમાં ફરતો નથી

વિવેક ચૂકે

દરકાર ક્યાં કરી છે કદી સળવળાટની
નક્કી છે પાયમાલી હવે રાજપાટની

બસ બાળપણને જાણ છે ઘરના વણાટની
કારીગરોની વચ્ચે રહેલા ઉચાટની

આખ્ખું કબાટ નાખી મેં દીધું તળાવમાં
ફેંકી પ્રથમ તો એમણે ચાવી કબાટની

પાણી બધાનાં પીધાં નથીનો મલાલ શું!
જોઈ તો લીધી છે ને તરસ ઘાટઘાટની

સચ્ચાઈ જાનલેવા નીકળવાની કોઈની
ના કર ઊલટતપાસ બધા થનગનાટની

સંપૂર્ણ અંગ સાફ તો તારું ય ક્યાં મળે?
સમજાય તો સમજજે સમસ્યા વિરાટની

જુસ્સો રહ્યો સહ્યોય પછી આળસી જતો
આવે છે સુસ્ત એટલી પળ ઉશ્કેરાટની

મોજાં, ખલાસી, નાવની નોખી છે બોલીઓ
કહેશે કિનારા સૌને કથાઓ થપાટની

વિવેક ચૂકે

આંસુ અમારાં અવગણીને શું કરી લીધું?
તેં સાઇકોલૉજી ભણીને શું કરી લીધું?

લોકો તને ધુમ્મસ સમજતા થઈ ગયા હવે!
ખુદને ધુમાડાથી ચણીને શું કરી લીધું?

વરસ્યાં સ્મરણનાં વાદળો, તો એ ગયાં હવાઈ
એકાંતના પાપડ વણીને શું કરી લીધું?

પગ તો કપાયેલા હતા! બેસી ગયો અવાજ!
બસ આમ નાહક હણહણીને શું કરી લીધું?

ના દુઃખ મટ્યું એનું ને નખ ખરડાઈ સૌ ગયા
દીવાલનો બરડો ખણીને શું કરી લીધું?

ચહેરા વિના દુનિયા મચક આપે ન કોઈને
સમજણના કેવળ ધડ જણીને શું કરી લીધું?

બાકીની રાતોને તું વિતાવીશ કઈ રીતે?
એક રાતમાં તારા ગણીને શું કરી લીધું?

વિવેક ચૂકે

પડી છે ક્યાંક વપરાયા વિનાની
શિખામણ કૈંક સમજાયા વિનાની

હવામાં ઝૂલતા આપ્યા વિષય તો
અમે વાતો કરી પાયા વિનાની

સહજ અંજાઈ છે આંખો અમુકની
નિહાળી આંખ અંજાયા વિનાની

નવાઈથી મગજ ચસ્કી ગયું છે
કળી દેખીને કરમાયા વિનાની

હશે ત્યાં સો ટકા સાક્ષાત્ ઈશ્વર
મળે જ્યાં જિંદગી કાયા વિનાની

કળામાં મોરની વનનો વિરહ છે
જુએ છે ઢેલ હરખાયા વિનાની

થવું પડશે મહત્તા પામવા ગુમ
છું ચાવી કોઈ ખોવાયા વિનાની

કવિ નાખુશ છે પણ એ તો છે રાજી
કવિતાઓ બધી ગાયા વિનાની

એવું ક્યાં કીધું કે જીવન સાવ સહેલું જોઈએ
જે થવાનું હોય એ પહેલેથી કહેવું જોઈએ

કોઈ રડતું હોય એ જોવું નથી આસાન કૈં
એને જોવા માટે ઈશ્વરનું કલેજું જોઈએ

એટલા ધનવાન હોવું તું કરી દે ફરજિયાત,
વાણીમાં સંસ્કારનું કોઈ ઘરેણું જોઈએ.

આપણા જીવનના નિર્જન માર્ગ પર ઊભા રહી
આવનારા ને જનારાનું પગેરું જોઈએ

કોઈને આંખો નિરર્થક લાગશે પણ થાય શું
સાવ નિર્જન ગોખમાં એકાદ ઢેફું જોઈએ

એ જુએ મારાં કવચ-કૂંડળને તાકી તાકીને,
યાર સીધું બોલ કે મારે આ બેઉ જોઈએ

પ્રેમ કોમળતા ઉપરનો કાબિલેતારીફ છે
યુદ્ધમાં પણ શસ્ત્ર સાથે ફૂલ ભેગું જોઈએ

વિવેક ચૂકે

અંધારમાં ભટકતા માથે પૂનમ લઈને
તે મોકલ્યા ઘણાને એવો ઈલમ લઈને!

હિંસક હતા ટકોરા એને ન યાદ કરતો
ઊભું છે કોઈ દ્વારે તારા, મલમ લઈને

એને હસાવવા તું નીકળ્યો કે પામવાને!
એકાદ ચીપિયો ને મુઠ્ઠી ભસમ લઈને!

સાલો ખરીદવાને માંગે છે ચાલ મારી
પાછળ પડ્યો છે રસ્તો મોટી રકમ લઈને

ના ત્રાજવાને તારા સૌ કાટ લાગવા દે
ફરશે રહે છે પાછા સાચા ખોટા કરમ લઈને

ડરતા નહીં જરાયે દેખાય ન દુઃખ જો પાસે
આવી જવાના પાછા બેચાર દમ લઈને

બાળક ભણે છે તારાં ત્યાં વાંચવા જવું છે
તારા ઉપર લખેલી પહેલી નઝમ લઈને

એ ઉતારે સ્તરથી નીચે તો બગાવત ના કરું
એક જગા બેસી રહું, હું કોઈ હરકત ના કરું

રાખજે તું લાજ મારા પ્રેમ ને સંસ્કારની
એ દિવસ ના લાવતો કે તારી ઇજ્જત ના કરું

સામસામે બેઉ ખેંચે તો ચકાસું વહેણને
આમ જોકે બે નદી વચ્ચે તફાવત ના કરું

નીકળે પણ ચીસ તો એને દબાવીને મરું
પણ શરણમાં એના ટળવળવાની હિંમત ના કરું

ક્યાંક કોઈનું સિંહાસન ડોલવા માંડે જરૂર
એક માણસ જ્યારે ઇચ્છે છે કે નફરત ના કરું

સાંભળો સંજોગો, કોઈને વચન આપ્યું છે મેં
રોઈરોઈને હવે દયનીય હાલત ના કરું

ક્યાંક હૂંફાળી નજર તાકે, કરું ના ત્યાં નજર
જાણીજોઈને ઊભી એક્કે મુસીબત ના કરું

વિવેક ચૂકે

હું એનાથી છું નાખુશ એક વાતે
બચાવે આપઘાતે આપઘાતે!

ચલો તમ્મરમાં તો તમ્મરમાં આખર
બતાવ્યા તો ખરા તેં રંગ સાતે

અમારાથી તો એ પણ થઈ શકત ના
છે સારું, આયુ જાતી એની જાતે

અજાણ્યાને મદદમાં પણ છે મતલબ
કરું છું પારકા હોવાને નાતે

અમે જો હોત જગ્યા પર તમારી
ખુશી સાથે મજાના ગીત ગાતે

પડ્યું છે ઝોળીમાં આવીને કોની?
લખાયેલું હતું જે અન્ય ખાતે

જુદા જોઈ દિવસને થાય અચરજ
મળે છે બે જણા જે માત્ર રાતે